# આસ્થાના રંગ





યાત્રાઃ અમદાવાદની ગુફા ખાતે અનુજ અંબાલાલના શ્રીનાથદ્વારા પરના ફોટોગ્રાફીનું પ્રદર્શન યોજાયું છે. જેને ૧૪ માર્ચ સુધી માણી શકાશે.

સુધા ભટ્ટ »

'ચાલો ચાલો ઝટ દર્શન ખુલી ગયાં છે' એવો ગણગણાટ અને તેનું ઉત્સાહભેર ઉચ્ચારણ આપણે અનેકવાર શ્રીનાથદ્વારા અને અન્ય તીર્થસ્થાનોએ સાંભળ્યું છે. એ વખતે દર્શનનો તલસાટ હોય, સમસમાના સ્વરૂપને નિરખવાની ઝંખના હોય પણ ક્યારેય કોઈએ શ્રીનાથદ્વારા ગામની ઝાંખી કરી છે? નહીં ને-તો ચાલો, અમદાવાદની ગુફામાં ૧૪ માર્ચ સુધી અનુજ અંબાલાલની આંગળી પકડીને નાથદ્વારા ગામની શેરીની માટીનો અહેસાસ કરીએ જ્યાં પ્રભુજીના ઋતુ ઋતુ પ્રમાણેના તહેવારોને લગતા પોળ, પદોના ગુલાલ ઊડતા હોય એ માટીને શિરે ધરીએ. અનુજ કહે છે કે નાથદ્વારા એટલે મંદિર એટલી જ વિભાવના લોકોને છે પણ લાગણીનો તંતુ તો ગામ સાથે પણ જોડાય કારણ કે ગામને પોતાનું કેરેક્ટર છે જેને લોકોએ જોયું નથી. જાણીને કે અજાણતાં! એની ખાસિયતો માણવા જેવી છે. ભાવવિભોર અનુજ એ ગામને અલગ દૃષ્ટિથી જોઈ બહાર લાવી આપણને એના દર્શનનો લાભ આપે છે એમની અદ્ભુત ફોટોગ્રાફી દ્વારા ફોટો ખેંચવાની કળા જેમણે આત્મસાત્ કરી છે તે અનુજે સુંદર સેટિંગ કર્યા છે. એક્સપોઝર સમયસરના છે અને પ્રોસેસિંગમાં એનહાન્સ કર્યું નથી એટલે કે ટેક્નોલોજી ઓછી વાપરી છે. લો લાઈટના શોખીન હાથ સ્થિર રાખીને ભીડભાડમાં સારું પરિણામ મેળવી શક્યા છે. બ્રાઈટ લાઈટમાં ચિત્ર સેચ્યુરેટ થાય અને મૂવમેન્ટ બતાવતી વખતે એપર્ચર વધુ વખત ખુલ્લું રાખી એમણે કલાત્મક ફોટોગ્રાફીની સિદ્ધિ હાંસલ કરી છે. ખૂબ ધ્યાન કેન્દ્રિત કરીને પ્રકાશિત, ઓછા પ્રકાશિત અને ઝાંખા - એવા ત્રણ તબક્કા એક જ ફોટામાં સમાવી શક્યા છે. એન્ગલની ખૂબીને કારણે ઊંડાણ શક્ય બન્યું છે. ગલીઓની ચહલપહલ, મંદિરની બહાર રાહ જોતા ભક્તો રંગીન પતંગિયાની જેમ ગોઠવાયા છે. કાચબાની ઝીણી વિગત અને દીપમાળ! બ્લ્યૂ રંગની ગલીની રંગઝાંય બીજા ઓબ્જેક્ટને સફેદ રાખી શકી છે. કુદરતી પ્રકાશનો વિનિયોગ ધારી અસર જમાવે છે. ગૌશાળાની ગાયની પોઝિશન આપણા હૃદયમાં ગોઠવાય છે. અનુજે સૂર્યાસ્ત વખતે ગામનો ફોટો લીધો. મકાનો ઉપર પ્રકાશ દેખાડ્યો. સામાન્ય રીતે લોકો સૂર્યનો ફોટો લેતા હોય. આ તો જાણે શહેર ઉપર સૂરજદાદાનાં આશિષ! વ્યવસાયે ફર્નિચર ડિઝાઈનર અનુજ અમિત અંબાલાલનું આ પ્રથમ પ્રદર્શન છે. કુદરતનાં રંગ અને પ્રકાશને સમજનાર આ કલાકારે ડિજિટલ ફોટોગ્રાફીની ટેક્નોલોજીના જમાનામાં કલાને સમજીને ખારાપાણીમાં વીરડી જેવી કલાને ઉપસાવી છે.





